સોપારીનાં ઝાડ = સોપારણ.

ચોંટી=વળગી; બાઝી
શોષી=ચૂશી
એકાદું=એક
ઉત્પન્ન=પેદા
અંગ=ભાગ, અવયવ
અગત્યનું=જરૂરનું.
છિદ્રો=કાણાં.
ખ્યાલ=અટકળ; ધારણા
બારીક=સૂક્ષ્મ; ઝીણાં

સાર

ઝાડનાં મુખ્ય છ અંગ છે મૂળ, થડ, પાંદડાં ફૂલ, ફળ, બી. પહેલા ત્રણ ઝાડને જીવાડનારાં અંગો છે.

પાઠ ૫૫ મો.

ડાઘા=ડપકા, છેકા
ચીકણું=ચિકાશવાળું
તાડી=ખાટો નીરો; ખજુરી કે તાડનો રસ.
ડહોળી=વલોવી
સીસાપેન=પેનસીલ
ઘટ=જાડું
છેદ=કાણું; વેહ
ગુંદર=ઝાડનો ચીકણોરસ
ઝરપે છે=ધીરેધીરે વહેછે
આરપાર=આ બાજુથી પેલી બાજુ
નીરો=ખજુરી વગેરેનો તરતનો ઝરેલો રસ
થોર=થુવેરીઓ; કાંટાનું ઝાડ
ખરસાણી=થુવેરની એક જાત
આંકડો=એક જાતનું ઝાડ (એના ફૂલ હનુમાનને ચઢે છે.)
ઉપવાસ=ભૂખ્યા રહેવું તે
સાઠીચોખા = વાંસીઆ ચોખા
છાલ=છોડ; ચામડી
રેસા=તંતુ; તાર
ગળણી=ગાળવાનું ઝીણાં કાણાંવાળું વાસણ
હલકા=જલદી પચે એવા

પાઠ ૫૬ મો.

સુખળાં=ડુંડા કે કંઠીની બાજુએ સોયા જેવું હોય છે તે.
મુલક=દેશ
ખરછટ=કઠણ ને ખરબચડું લાગે એવું
બાફે=ગરમ પાણીમાં પકવે.
હવાલો=તારની ચાળણી
ચાળણ=ચાળતા બાકી રહેલો ભાગ, થુલું
આથો = ચઢીને ખાટું થએલું ખીરૂં
લોપરાં=પટ્ટી
શુમારે = આસરે
ડુંડી = નાનું ડુંડું
ઉંબી = ઘઉંની કંઠી
પોટીસ=ગુમડાં વગેરે દરદ પકવવા માટે ઘઉં અળશી વગેરેના લોટની બાફીને લુગદી કરવામાં આવે છે તે
ખાંચ = ખોભણ
ડાંગર=ભાત
દાઉદખાની=પીળા પોચા
ઠુમસો = ઠુંઠાપણ ભરાઉ
વાજીયા=ઝીણા કાળા પડતા

પોટો=ધોળો હુમસો
ફાડ=ભાગ
પુષ્ટિકારક=જોર આપનાર
થુલું=ભુસું, ચાળણુ
ઝાટકીએ=ઉપણીએ
રવો=ઝીણોદાણોદારલોટ
વાની=ચીજ; વસ્તુ
લોહી=ખોળ
જખમ=ઘા

સાર.

અનાજની પરીક્ષા તથા તેનો ઉપયોગ સમજાય છે.

પાઠ ૫૭ મો.

બગીચો=બાગ
દાંડી=વચલી નસ
સાંકડું=નાનું
ગંજીફો=રમવાનાં પાનાં
માફક=પેઠે
કમળ = તળાવમાં થતું એક જાતનું ફુલ
જથાબંધ=સામટું
દાંતા=અણીવાળી કોર
ગુલમોર=એક જાતનું ફૂલનું ઝાડ
કળી=વગર ખીલેલું ફૂલ
ચૂંટી=તોડી
થોકડો=જથો; જુડો
અળવી=અળુનાં પાંતરાં
કુંવાર=કુંવારનો છોડ
અગથીઓ=અગથીઆનું ઝાડ

પાઠ ૫૮ મો.

પતંગીઉં=એક જાતનો સુંદર પાંખવાળો કીડો
જીવજંતુ=નાનાં જીવડાં
પારખું=જાણું
ખૂબસુરત=દેખાવડી.
બીલકુલ=સમૂળગી
વેતરી=વેઠ કરનારી
બદલવી=ફેરફાર કરવી.
ઇયળ = પેટે ચાલનાર કીડા
પુડા=મધમાખીનું ઘર
અવતાર=એક રૂપબદલી બીજા રૂપમાં આવવું તે
હુમલો=હલ્લો
વંદા=વાંદા
જઠર=ખાધેલું પચાવવાની કોથળી
માદા=પશુ પક્ષીમાં સ્ત્રી જાત હોય તે
પાંખ=પર
અવસ્થા=દશા; હાલત
કોશેટો=લાંબી ગોળ દડી
નિરાંતવાળી=નચિંત થઇ
કુટુંબ=વંશ; ઓલાદ

પાઠ ૫૯ મો.

ધોળાયા કરતો=વારંવાર આવતો
સમડી=કાગડાના આકારનું મોટું પ્રાણી
ચીરે=ફાડે

કરાંઠી=સુકાયલા છોડની ડાંખલી; રાડાં
ગરદન=ડોક
ખાઉધરાં=ભૂખાળવાં; અકરાંતીઆ
કોહેલું=સડેલું
નહોર=તીણા નખ
ભાગોળ=શહેર કે ગામમાં પેસવાનો દરવાજો.
ભાથુ=મુસાફરીનું ખાવાનું.
તીર=કામઠું
ધસારાબંધ=ઝડપથી
નજર=નીચા
સરી=લપસી.
અંધારાં=ચક્કર;ફેર,તંમર
ગીધ=મડદાં ખાનારૂં મોટું પક્ષી
ઢોળાવ=ઢાળ
ગળે છે=ઉતારી દે છે
કમકમાટ=ચીતરી

સાર.

ઇશ્વરે જે પ્રાણીઓ બનાવ્યાં છે તે આપણા સુખને માટેજ બનાવ્યાં છે, માટે ઇશ્વરનો પાડ માનવો,

પાઠ ૬૦ મો.

દોડાદોડ=નાસાનાસ
કુમળી=નરમાશવાળી
પીંડે=અંગડે; વાંસે
ગુચ્છાવાળી=ઝુમખા જેવા વાળવાળી.
છોડા=છોતરાં.
કાતરી=કાપી
કલ્લા=પુળા
ડેકડા=કૂદકા
ભપકાદાર=શોભિતો;
સુંદર=ખૂબસુરત
બદન=શરીર; અંગ
રમુજ=આનંદ
વલવલાટ=કરીને નહિ બેસવું ને વલોપાત.
ગર=માવો; ગર.
કુંપળ=ફણગો; અંકુર
રાક્ષી=બંને બાજુપર અકેકો અણીદાર દાંત હોય છે ત.
રૂવાંટી=ઝીણા વાળ.
ચપળ=ચાલાક
અવાજ=સાદ
ઘાતકી=ખુની
દુશ્મન=શત્રુ

બચાવ=રક્ષણ
ચકોર=ચપળ
પોલાણ=પોકળ ભાગ
ઝુમખો=જથો
છત=છાજ
બીકણ=બીએ એવું
નજરે પડતું=દેખાતું
ખાસ કરીને=ઘણું કરીને;
દૂરનું દૂર=આઘે
તેજ=ચાલાક
કૌવતવાળા=મજબુત; જોરાવર
ઉપરાઉપરી=એક પછી એક
ફાળ=કૂદકો; છલંગ
ઘટ=જાડી
રતુમડો=રતાશ પડતો
રહેઠાણ=વાસ, રહેવાનું ઠેકાણું; મુકામ
સમીસાંજ=દીવાબત્તીનો વખત

પાઠ ૬૧ મો.

હઠે=દૂર જાય; ખસે

પંજો = પાંચ આંગળાં ને હાથેલી જેટલો કાંડા લગીનો ભાગ
માન=આબરૂ; મોટાઇ
પૂંછડી હલાવતો = ખૂશ થતો
ગીવળ્યા=વીંટળાયા
[illegible]=હારજીત
[illegible]ખેરી=ઝાટકી
લટકતી=લબડતી
લાળ=ચીકણું થુંક
[illegible]ડુ઼ી=દોડ
ભરોસાદાર=વિશ્વાસુ
મમતાળુ=માયાળુ
તાબેદાર=તાબે રહેનાર
[illegible]તી=શોભતી
[illegible]=પ્યાર; હેત

પાઠ ૬૨ મો.

સગા=કુટુંબી
[illegible]ો=ઘુંટણથી પાટલી સુધીનો પગનો ભાગ
ચહેરો=ઘાટ; મોંની શિકલ

બળવાન=જોરાવર
પક્કું=પહોંચેલું; પેક
ભમે=ભટકે; રખડે
સવાલ=પ્રશ્ન
ટટાર=સીધા
અણીપડતાં=અણીવાળાં
દેખાવ=શોભા; ભરાવ
બરછટ=કરકરા
બગાસું ખાય છે=આળસ દૂર કરે છે.
ડાચું=જડબું
વિકરાળ = બિહામણું; ડરામણું
છાતીવાળું=હિંમતવાન
હુમલો=ધસારો
ટોળું=જથો
ટુકડી=ટોળી
બદામીઉં=બદામના રંગ જેવું
ભુરાશ પડતી = ભુરાશ પર
પાદર=ગામના ઝાંપા બહારની જગા
કિકિયારી=ચીસ
ખંધુ=લુચ્ચું
મ.રો=ગુચ્છો

ખોળ=શોધ; તપાસ
દરાખજેવાં=ગળ્યાં, મીઠાં
વાઢ=શેરડીનું ખેતર
સતાવવું=દુઃખ દેવું; પજવવું.

પાઠ ૬૩ મો.

નુકસાન=બગાડ
કીકી=આંખના ડોળાની વચ્ચેનો ગોળ કાળો ભાગ
ચીરૂં=ફાડું
ઘૂરકવા=ડોળા કાઢવા
પડખે=બાજુએ
ખાતર=માટે; વાસ્તે
પજવો છો=હેરાન કરો છો
કોઠી=નાનો કોઠાર
સહેલાઇથી=થોડી મહેનતે
ઝાંખા=થોડા
શોભા=દેખાવ
જ્ઞાન=સમજ
ઘોર=ઘણું બિહામણું
ખબર=જાણ
મ્યાન=તરવારનું ઘર
કરકરી=ખાબચડી
છોલીને=છોતરાં કાઢીને

ઉપયોગીપણું=જરૂરિઆત
ગુણ=પાડ
કાસળ કાઢવું=જડ મૂળથી નાશ કરવો.
મહેરબાની=દયા

પાઠ ૬૪ મો.

વાઘણ=વાઘની માદા
ચળકે=ઝળકે
બો=બીક
ચાખણ=સ્વાદીઓ
દીપડો=વાઘની જાતનું પ્રાણી
સિંહણ=સિંહની માદા
અજાયબ=નવાઇ
ધ્યાન=ચિત્ત
અગ્નિ=દેવતા
યાળ=કેશવાળી; ઘોડા કે સિંહની ડોકપરના વાળ
ડેલણ=હડસેલી શકાય તેવી.
હેરાન=દુ:ખી
ઘુઘવાટા=ઘુ ઘુ કરતો અવાજ
ગર્જના=સિંહનું બરાડવું તે.
ધ્રૂજતાં=કાંપતાં.
ભયંકર=બિહામણા

ગોશ=માંસ
ઠેકાણું=નિયમ
વસ્તી=વાસો; રહેઠાણ
ચાઠાં=ડાઘા
આંતરે=ઘેરે; કબજે કરે

પાઠ ૬૫ મો.

ગોકળ ગાય=પરમેશ્વરની ગાય
ચરબી=માંસમાં રહેલી તેલ જેવી ચીકણી વસ્તુ.
અગત્યના=કામના.
કરોડ=વાંસાની વચમાંનું ઉભું હાડકું
ઉપરાંત=વધારે
દવાશાળા=ઇસ્પિતાલ; દવાખાનું.
હાડપિંજર=હાડકાનું ખોખું
દિવાલ=ભીંત; કરો
ટાંગ્યું=લટકાવ્યું
બિહામણું=ડરામણું.
ગરદન=બોચી
પાંસળી=પાસા પરની હાડકી
બેડોળ=કદરૂપું

ભરાઉ=ભરેલું
બેશક=નક્કી; ખચીત
કૌવત=જોર, બળ
અવયવો=ભાગો.
ખોપરી=મગજનો ઢાંકણો
મગજ=ખોપરી માંહેનો નરમ ભાગ
ફેફસાં=દમ ભરવાની કોથળી
હૃદય=લોહીની ટાંકી
થાપો=કુલ્લાની પાસેનો જાંગનો ભાગ
ફુક્કો=દમ ભરવાની કોથળી
સંરક્ષણ=સારી સંભાળ; સાચવવું તે
રેસા=તાર, તાંતણા
સંકડાય=સંકોચાય
ગોટલા બાઝે છે=એક ઠેકાણે એકઠો થાય છે
સ. ૧) માંસપેશી શેની બનેલી છે? ૨) હાડકાંની જરૂર શા માટે છે?
સ. ૩) લોચામાં કયો ગુણ છે કે જેથી તે

લાંબા ટુંકા થઇ શકેછે?
સ. ૪) શરીરમાં કેટલાં હાડકાં છે ?

પાઠ ૬૬ મો.

ત્વચા=ચામડી
સુંવાળું=લીસું
ઉપસી=ઉંચી આવી
દરદ=દુઃખ
નિશાની=એધાણી
અડકે=છેડે
ખમાતું=સહન થતું
ખોળીયું=ઉપલું પડ
હેઠલું=નીચેનું
રેખા=કાપા; લીટી
ગરમ=હુંફાળા
ગેંડા=ગેંડીનો નર
કુદરતી=માણસનું કરેલું નહિ તે; ઇશ્વરે બનાવેલું તે.
ઢાંકણુ=કવર; પડ
રક્ષણ=સંભાળ; બચાવ
ઢીમું=ઢોમણું
ગોડ=રસવિકારની ગાંઠ.
પડ=પોપડો.
ખરી પડે છે=જતી રહે છે; નીકળી જાય છે.
રૂઝાતા જાય=રૂઝ આવતી જાય
લઈ=જબરી
આળુ=જરા અડકયાથી પણ દુખાય તેવું
ભોંકે=ઘોંચે; ઘાલે
ખાલ=ચામડી, ત્વચા
ઓસીકું=નાનો તકીઓ
દાખલો=ઉદાહરણ
રચના=બનાવટ,ગોઠવણ
ગલેફ=ઓશીકા કે ગોદડાને ચડાવેલું પડ
સૂક્ષ્મદર્શક=નાની ચીજને મોટી દેખાડનાર
અસંખ્ય = અગણિત; ઘણાજ

સ. ૧) શરીરનું ઢાંકણુ કયું ? સ. ૨) ચામડીનો ઉપયોગ કહો. સ. ૩) ચામડીમાં કેટલા પડ છે ? સ. ૪) એ પડનો ઉપયોગ સમજાવો. સ. ૫) કઇ જગાની ચામડી જાડી હોય છે? સ. ૬) એક દાખલો આપી ચામડીની રચના સમજાવો. સ. ૭) જેના શરીર પર વાળ વધારે હોય તેની ચામડી કેવી હોય છે ?

પાઠ ૬૭ મો.

ટકોરો=આંગળી વાળી નખથી ઠોકવું તે
ટકે છે=નભે છે; ચાલે છે.
પહેર્યા=ઘાલ્યા
બીક=ડર; ભો.
કોથળી=થેલી
ટકાયું=ઉભું રહેવાયું
ટાંગી=લટકાવી
રાંપી=ચામડું સાફ કરવાનું મોચીનું એક ઓજાર
કુમળુ=નરમ
સુરત=તાપી નદીને કાંઠે શહેર છે તે
તળીઉં=નીચેનો ભાગ
ખાસું=મજાનું, સારૂં
તરડે=તરડ પડે; ચીરાડા પડે; ફાટે
કમાવેલું=પકવેલું

ચમારવાડો=જ્યાં ચમાર લોકો રહેતા હો તે જગા

વાસમારતી=ગંધાતી

જીન=ઘોડાની પીઠ પર નાખવાની ગાદી

મસક=પાણી ભરવાનો ચામડાનો કોથળો

સ. ૧) ચામડામાં કયો ગુણ છે કે જેથી પાણી અંદરથી બહાર નીકળી જતું નથી? સ. ૨) જોડા પહેરવાથી શો લાભ? સ. ૩) ચામડાને કેળવવાની રીત કહો. સ. ૪) ચામડાની કઇ કઇ ચીજો થાય છે?

પાઠ ૬૮ મો.

ઊન=ઘેટાના વાળ

વાંકડીઆ=ગુંચળીવાળાં

ટકાઉ=મજબુત

સાચવી=સંભાળી

દુઆ=ઝીણાં જીવડાં

હૂંફ=ગરમાવો.

ઢોરઢાંકર = બળદ ઘોડા વગેરે

ઓઢો=બળદનેઓઢાડવા માટે શીવેલું કપડું

ગરમાવો=હૂંફ; ગરમી

ઉતર્યા=પૂરા થયા, ગયા

ગાંસડી=પોટલી

કાંતવું=લાંબા દોરા કાઢવા

ઊડવેડ=કટાકુટ,માથાકુટ

ભરાઉ=પાસેપાસે

વાસ્કુટ = જેકીટ; કંમર સુધીનો વગર બાયનો કબજો

ઝબ્બો = પગની પાની સુધીનો ડગલો; જામો

કબજો = બાંય વગરનું બદન

સ. ૧) ઘેટાંને ટાઢ કેમ વાતી નથી? સ. ૨) ભરવાડ ક્યારે ઊન કાતરી લે છે? સ. ૩) ઊનનો ઉપયોગ કહો. સ. ૪) ઊનના કપડાંથી ટાઢ કેમ વાતી નથી! જ. ૪) શરીરમાંથી ગરમી નીકળી જવા પામતી નથી

પાઠ ૬૯ મો.

આંગણું=બારણા આગળની જગા

તળીઉં=નીચેનો ભાગ

ભેજ=શરદી

સાગ=લાકડાનીએક જાત

વાડો=ઘરની પાછળની ખુલ્લી જમીન

ક્યારો=ચોરસ ખાડો

રંગબેરંગી=જુદા જુદા રંગના

ચોઘડીએ=વખતે

ઉભરણી=ભોંય તળીઆથી ઉંચાઇ

ખાસ=જાણી જોઇને

કુંભી = ઘરનાં ઉભાં આડાં લાકડાં બેસાડવા માટેની બેસણી

છોલાણું=છોદેવડાવવી તે

પરસાળ=ઘરમાં પેસતાં પહેલો ખંડ આવે

છે તે.
ઓસરી=ઓટલી
દેરાસર=દેવને રાખવાનું ઠેકાણું.
પૂજા=સેવા
રસોડું=રાંધણી; રાંધવાનો ઓરડો.
સરડાવવું=છાપરા ઉપર કામડા બંધાવવાં
પાણીઆરૂં = પાણીના બેડાં તથા ગોળી મૂકવાની જગો.
કોઠાર=અનાજ ભરી મૂકવા માટે લાકડાનો બનાવેલો તે.
ધુમાડીઉં=ધુમાડો નીકળવાનો રસ્તો.
ઘેરાઇ=ભરાઇ
વૈદનાં પગલાં થતાં નથી =રોગ આવતો નથી.
જાજરૂ=સંડાસ
છીંડી=ઘરની પછાડીનો નેવાં પડવાનો ભાગ.
સીડી=નીસરણી
દિવાનખાનું=બેસવા ઉઠવાનો મુખ્ય ઓરડો
મોટાં=પ્રખ્યાત; નામીચા
ખુબીથી=સફાઇથી
વેલ=વેલા
ખીંટી=ખુંટી
તાકા=મોટા ગોખલા.
મોભ=છાપરાની વચમાંનું આડું લાકડું.
સાકટી=વળી
પકવાસા=છાપરાના સાકટા સાથે જડેલી પાટીયાની ચીપો.
કામડું = વાંસની બે ફાડમાંની એક ફાડ.
છત=છાજ
નરદમ=તદન
ઝરૂખો=ગોખ; રવેશ
બેશક=નક્કી
સવડવાળું = સગવડ ભરેલું; વગવાળું.

પાઠ ૭૦ મો.

ઓળો=છાયો, પડછાયો
મદારી=ખેલ કરનાર
છાયાયંત્ર = ઓળાપરથી વખત જાણવાનું યંત્ર
સાધન=સાહિત્ય
સ. ૧) અસલના વખતમાં ઘડિઆળ હતા ?
સ. ૨) અસલના લોકો વખત શા ઉપરથી જાણતા.

પાઠ ૭૧ મો.

ઘડિઆળ=વખત જાણવાનું યંત્ર.
ચંદો=ઘડિઆળમાં આકા માંડેલો ગોળ ભાગ
પગથીઉં=નાની ઓટલી
I=એક
II=બે
III=ત્રણ
IV=ચાર. (૫-૧)
V=પાંચ
VI=છ (પાંચ + એક)
VII=સાત (પાંચ+બે)
VIII=આઠ. (પાંચ + ત્રણ)
IX=નવ. (દશ-એક)
X=દસ
XI=અગિઆર. (દશ + એક)
XII=બાર. (દશ+બે)

કુંડાળું=ગોળ ચકરડું
મિનિટ=અઢીપળ; સાઠ સેકંડ
અંતરે=છેટે;
કમાન=પોલાદની પટીનું ગુચ્છું
સામટા=બધા
મધરાત=વચલી રાત
ઝડપ=ઉતાવળ
કુંચી=ચાવી
ઉકલતી=ઉઘડતી

સ. ૧) ઘડિઆળમાં કેટલા કાંટા હોય છે? સ. ૨) બંને કાંટા સરખા હોય છે? સ. ૩) નાના તથા મોટા કાંટાથી શું જણાય છે? સ. ૪) ઘડિઆળ જોતાં શીખવાને માટે પહેલાં શું ઓળખવું જોઇએ? સ. ૫) ચંદા પર કેટલે સુધી આંકડા માંડેલા છે? સ. ૬) નાનો કાંટો આઠપર હોય ત્યારે મોટો કાંટો કયા આંકડાપર હોય છે?

પાઠ ૭૨ મો.

પડીકું=બંડળ;
સમતોલ=સરખું વજન
તોળ્યું=જોખ્યું
દાંડી=ત્રાજવા બાંધે છે તે લાકડી.
ચીચવોં=એક ઉભા લાકડાપર બીજા આડા લાકડાની વચમાં સાલ ઘાલી બે છેડે બેસવાની રમત.
મધ્ય=વચલા
સેજસાજ=જરા
ત્રાજવું=તોળવાનું સાધન.
પલ્લું=છાબડું
છેતર્યો=ઠગ્યો.
પાધરો=સીધો
તોલ=વજન
સમાન=સરખી
યુકિત=તદબીર;
ખાધ=નુકસાન

સ. ૧) આપણને ઓછો ન મળે તે માટે ત્રાજવાની બાબતમાં શી તપાસ કરવી?

ભાગ ૩ જો
સમાપ્ત.

પદાર્થપાઠ ભાગ ૧ લો પહેલા ધોરણ માટે ત્રણ આના.
પદાર્થપાઠ ભાગ ૨ જો. બીજા ધોરણ માટે પાંચ આના.
'બાળગરબાવળી, ની નોટ ત્રીજા ધોરણ માટે બે આના.
ત્રીજા ધોરણનો ' મુખગણિત શિક્ષક ' દોઢ આનો.
ગ્રામ્યશાળાના ત્રીજા ધોરણનો 'મુખગણિત-શિક્ષક' બે આના.

કવિતાની સમજુતી પાઠ ૭ મો.

આપણી આજુબાજુએ ગગનમાં અને મનમાં પરમેશ્વરનું તેજ છે. ધામ અને ચાસની પાસે પણ પરમેશ્વરનું રહેઠાણ છે. (૧) ભોંયમાં પેસીને ભોંયરામાં કંઇ વાત કરીએ અથવા મનમાં નઠારા (કોઇનું ભુંડું કરવાના) વિચાર કરીએ તે પરમેશ્વર જાણે છે. (૨) રજકણ મૂકવાને માટે પરમેશ્વર વગરની ખાલી જગ્યા શોધીએ પણ પરમેશ્વર વગરની કોઇપણ જગ્યા ખાલી મળે નહિ. મતલબ કે બધેજ પરમેશ્વર છે. (૩)

પાઠ ૮ મો પરમેશ્વરની પ્રાર્થના.

અરે ! દેવના પણ દેવ ! હે જગતના ધણી (પરમેશ્વર) હું તમને પગે લાગીને પ્રાર્થના કરૂંછું કે હે દયાળુ તમે મને દુઃખથી બચાવો. હે ગરીબોના બેલી (પરમેશ્વર) મને ફકત એક તારોજ આશરો છે. (૧) હે પરમેશ્વર તમે મારાં માબાપ છો, અને તમે હંમેશાં બધાનું પોષણ કરનારા છો; તમે મારાપર કરોડો ઉપકાર કર્યા છે. હે ગરીબોના બેલી (પરમેશ્વર) મને ફકત એક તારોજ આશરો છે. (૨) હું ગરીબમાં ગરીબ અને સમજણ વગરનો જીવ છું, મારી કંઇ પણ વાત તારાથી અજાણી નથી; (મતલબ કે બધી તું જાણેછેજ) હે દયાળુ મારો ગુનો માફ કરો, હે ગરીબોના બેલી (પરમેશ્વર) મને ફકત એક તારોજ આશરો છે. (૩) અમે નાના છોકરાઓ હાથ જોડીને (કરગરીને) કહીએ છીએ કે હે પ્રભુ અમારી બુદ્ધિ ઘણીજ ઓછી છે, માટે મહેરબાની કરીને અમારી માગણી મનમાં લાવો; હે ગરીબોના બેલી (પરમેશ્વર) મને ફકત એક તારોજ આ-

શરો છે. (૪) અમે ને અમારાં જે સગાંવહાલાં છે તે બધાં શરીરે સુખી (તંદુરસ્ત) અને જબરાં રહીએ; હંમેશાં તમે અમને સદ્‌બુદ્ધિ આપજો. હે ગરીબોના બેલી (પરમેશ્વર) મને એક ફક્ત તારોજ આશરો છે. (૫) મેં તમારી જરાપણ સ્તુતિ કરી નથી, તેમજ આપના ગુણ ગાવાની (ભજન કરવાની) શક્તિ મારામાં નથી, તોપણ દયા લાવીને (મહેરબાની કરીને) સેવકના દુઃખ મટાડો, હે ગરીબોના બેલી (પરમેશ્વર) મને ફક્ત એક તારોજ આશરો છે. (૬)

પાઠ ૧૬ મો. સત્ય.

અરે મારે સત્યનું ધ્યાન ધરવું, અને નક્કી સાચું બોલવું, કદાપિ ખોટું કામ કરવું નહિ, અને દુનીઆમાં આબરૂથી પંકાયેલાં રહેવું. (૧) સત્યના બીજથી સત્યનું મોટું ઝાડ થશે; અને તેના લાભકારી સારાં ફળ મળશે, સત્યરૂપી ઝાડની નીચે માણસો આશરો લેશે તેથી તેમનાં દુઃખો જતાં રહેશે; અને બધાં સુખ મળશે. (૨) દુનીઆનાં બધાં કામ સત્યમાં (સત્યને આધારે) રહેલાં છે, માટે અસત્ય કામ કરવાથી માણસ દુઃખમાં આવી પડશે. જેમ સત્યરૂપી સુરજનું તેજ ઘણું પ્રકાશશે, તેમ કપટ અને નઠારી બુદ્ધિ (સત્યની) બીકથી નાશ પામશે. (જતી રહેશે) (૩) કદાચ કોઇ કારણથી સત્ય ઢંકાઇ જશે, (જાહેરમાં આવશે નહી) તોપણ આખરે સત્યનોજ પ્રકાશ થશે મતલબ કે સત્ય ઉઘાડું પડશે. જેમ સુરજ કદી વાદળાંથી ઢંકાઇ જાય છે, તોપણ તે પાછો ફરીથી ખુલ્લો થઇ પ્રકાશે છે તેમ. (૪) સાચને નુકસાન નથી, (સાચું બોલવાથી નુકસાન થતું નથી) તેમ તેનો કદાપિ નાશ પણ થતો નથી; માટે હંમેશાં સાચું બોલીનેજ દુનીઆમાં જીત મેળવવી, સત્ય ઘણાં દુઃખ નક્કી ટાળે

છે, સત્યના જેવું જોર બીજું નક્કી નથી. (૫) સત્યમાં હંમેશ ખરું સુખ રહેલું છે, એટલુંજ નહિ પણ સત્યથી પરમેશ્વર ઘણા ખૂશ થશે. વળી સત્ય વગર બીજો કોઇ ધર્મ નથી, માટે સત્યથી સ્વર્ગ જીતો અને હંમેશાં ખૂશ રહો. (૬)

પાઠ ૨૪ મો. પશુઓનાં ટોળાંમાં તકરાર.

ચોપગાં જાનવરોમાં એક વાંધો પડયો; તેથી તેઓએ પોતે સામસામા સવાલ જવાબ કરવા માટે કચેરી ભરી (ભેગાં થયાં) અને ત્યાં બધાં નર અને માદા બેઠાં. એટલે ગાય કહે હું ગાય ગરીબડી પડી એટલે મારા ગુણોની (ઉપયોગીપણાની) કદર કોણ કરશે? મતલબ કે કોઇ નહિ. મારાં વાછરડાં બિચારાં દૂધ વગર ટળવળે છે અને દૂધ તો બીજાં ખાય છે; તોપણ મારા પર થતા જુલમનો પાર કયાં છે? (ટેક) (૧) કુતરો કહે હું વિશ્વાસુ પ્રાણી છું, ધણીનું અન્ન ખાઇને મનમાં ટેક રાખીને તેના ખાધેલા લૂણનો બદલો વાળી આપું છું અને વળી રાત દિવસ સેવા પણ કરું છું; (ટેક) (૨) ગધેડો કહે છે કે બેવકુફ (અક્કલ વગરના) માણસ મને હસે છે, પણ સમજતા નથી કે ભાર કોણ ઉપાડે છે? ભારે વજન લાધે, (પીઠપર ભરે) તોપણ વગર તકરારે હું ચાલું છું; પણ કહો કે માણસો મારો ગુણ કયાં જાણે છે? (ટેક) (૩) ઘોડો કહે હું શરીરે-દુઃખ વેઠીને ચાકરી કરું છું, અને કદાપિ હાર (ખાવા નું) પણ ન ખાઉં, ધણીને પીઠપર બેસાડીને મુસાફરી કરું છું તોપણ કહો કે કોણ મારી કાળજી રાખે છે? (ટેક) (૪) ઊંટ કહે છે, મુસાફરીમાં રસ્તો કાપવાને હું ઘણી લાંબી મુસાફરી કરું છું. તોપણ કોઇ ઘાતકી મુસાફર પાણીને માટે મને મારી

નાખે છે. (રણમાં પાણી નહિ મળવાથી મુસાફર પોતાનો જીવ બચાવવાને ઊંટને મારે છે કેમકે તેની પીઠપરના ઢેકામાં પાણી ભરાઈ રહેલું હોય છે.) છતાં પણ મરતાં મરતાં હું પરોપકાર કરૂં છું. (ટેક) (૫) હાથી કહે રાજાની અંબાડીનો આધાર મારાપર છે. (મતલબ કે મારા વડે અંબાડી શોભે છે.) મારાં પગલાંથી સ્વારી સારી દેખાય છે, અને વળી દરબાર પણ શોભે છે તેથી હું પશુઓમાં મોટો સરદાર છું (મતલબ કે પશુઓમાં હુંજ મોટો છું) (ટેક) (૬) બકરો કહે હું જરા પણ દુઃખ આપતો નથી. તોપણ માણસ મારૂં માંસ ખાવાને માટે તલપી રહે છે, તેથી હું ચંડાળના હાથે કપાઈ મરૂં છું. કહો મને બીન ગુનેગારને ઇન્સાફ કયાં મળે છે? (મતલબ કે મળતો નથી.) (ટેક) (૭) બળદ કહે મારા જોરથી ખેડુત હળ-જમીન ખેડે છે, મારા પર બધી દુનીઆનો આધાર છે; હુંજ સ્વારી કે વેપારનો રોજનો ભાર ઉપાડું છું તોપણ મને જરા પણ આરામ મળતો નથી. (ટેક) (૮).

ગધેડો, બકરો, બળદ, હાથી, ઘોડા, ને ગાય એ બિચારાં પ્રાણી બીજાના ભરોસા પર અપ્રળાય છે. વિશ્વમાં નઠારાં કામને માટે જોકે સરકાર સજા કરે છે; તો પછી પશુ પક્ષીને દુઃખ દેતાં પરમેશ્વર ગુસ્સે થાય નહિ? મતલબ કે થાયજ.

પાઠ ૨૭, જુઓ કે જંતુની જાતમાં કીડી પણ અનાજ એકઠું કરે છે. અને બધી સાથે મળીને હંમેશાં હળીમળીને દરમાં રહે છે.

પાઠ ૩૧ મો. પક્ષીઓની ખુશાલી.

ઝાડ ને છોડવાની ડાળીઓ હાલે છે, અને પવન પાંદડાં હલાવે છે. શોભાયમાન પક્ષીઓ મધુર ગાયન ગાતાં ઊડે છે. (મતલબ

કે કલ્લોલ કરે છે.) પક્ષીઓ મધુર ગાયન ગાતાં પરમેશ્વરનું ધ્યાન ધરતાં, જંગલમાં ચેનબાજી કરતાં અને હંમેશાં ખુશીમાં ફરતાં ટોળામાં હળી મળીને રહેતાં (એક બીજાને) મનની વાતો કહે છે. સુખીઆ પક્ષી હંમેશાં ઝાડ છોડવાની ડાળીપર ડોલે છે. (૧) કોઇ જંગલના ફળ ખાય છે. કોઇ દાણા ખાતા જાય. કોઇ ફૂલામાંનો રસ ચૂસે છે અને કોઇ લીલોતરી ખાય છે. કોઇ લીલોતરી ખાય અને પાણી ઓવારે દોડી જાય, બધાં પક્ષીઓ સાથે નહાય અને પછી પોતાને રસ્તે પાછા ફરે. સાંજે માળામાં બચ્ચાંને સુખે બેઠેલા જોઇ સૂએછે. સવાર થતાં પહેલાં ઊઠીને દોડે છે અને કોઇ જંગલમાં ળીફ ખાય છે. (૨) સારી રીતે ઝૂલતાં ફળ અને જુદી જુદી જાતનો મેવો પરમેશ્વરે આપ્યો છે, તે બધાં પંખીઓ હેતથી ખાય છે. વળી પરમેશ્વરે ખેતરમાં પુરેપુરો પાક આપ્યો છે. તે મીઠો માલ મંડયા રહીને ખાય તોપણ ખૂટે નહિ એટલો છે. તે ખાઇને હંમેશાં સંતોષ રાખીને દરરોજ ચોખ્ખું પાણી પીએછે, અને પોતાને ઠેકાણે આવીને નિરાંતે બેસે છે. ફળો સારી રીતે હાલે છે. (૩)

ઉદ્યમવિષે

મહેનતથી માણુસ એકલો હોય તોપણ હજારો માણુસોને પાછળ પાડે છે, મતલબ કે પોતે આગળ પડે છે. મહેનતથી મરજી મુજબ પૈસો અને અનાજ મેળવી શકાય છે; મહેનતથી રાજાની પદવી લેવી હોય તો તે કાંઇ આઘે નથી મતલબ કે તે પણ મેળવાય છે. મહેનતથી દેવ અને રાક્ષસ તાબે કરી શકાય છે. મહેનતથી આપદાઓ તુરત જતી રહે છે, મહેનતુ માણુસો ધૂળમાંથી પણ સોનું શોધી કાઢે છે; અરે બાળકો ! તમે મહેનતને ઇચ્છેલું ફળ આપનાર ગાય બરાબર જાણો. મહેનતથી ધાર્યા મુજબ ઘણો લાભ મેળવાય છે.

સાર—આળસ છોડી મહેનત કરવી.

પાઠ ૩૬ મો. ગ્રીષ્મ ઋતુનો તમાસો.

પરમેશ્વરની મોટાઇ અમે ગ્રીષ્મઋતુમાં જોઇ લીધી. ઝાડની ઠંડી છાયામાં ફૂલ, ફળને ખુશીથી હાલતાં જોયાં. (૧) કોયલ મીઠા સ્વરથી બોલતી હતી, તેથી આ આંબાનું ઝાડ સારૂં દેખાય છે. જેમ જમીન (સુરજની ગરમીથી) ગરમ થતી જાય છે તેમ મોગરો (પોતાની) સારી વાસ ફેલાવે છે. (૨) **આંબો**—જંગલમાં અને ઝાડોમાં રમતી અને ખૂશ થતી વસંત (ઋતુ) મને (આંબાને) મોર આપીને રખડતી રખડતી ગઇ પછી ગરમીની ઋતુ થઇ એટલે આંબાપર બહુ સારી કેરી આવી, તેને સારી લીલીછમ જોઇને માણસો (તે લેવાને) લોભાય છે. (૧) એ ઋતુમાં ઘણો તાપ પડે છે તેથી કેરીઓ ઝાડપર પાકીને ખરી પડે તે પછી રસદાર થઇને સારો કેસરીઆ રંગ ધરે છે. તે (કેરી)રસથી દુનીઆના લોકોનું મન પોતાની તરફ ખેંચતી તેથી કેરીની મજા મનમાં રહેતી. (૨) **કોયલ**–જુઓ આ ગરમીની ઋતુમાં ધામ ઘણો થાય છે. તેથી પક્ષી ઊડીને જંગલે જંગલ ફરે છે. હું (કોયલ) ટહુકાથી માણસનું મન મારા તરફ ખેંચું છું. મારૂં રહેઠાણ આંબાના ઝાડ પર છે. (૧) હું મારા કાળા રંગના શરીરથી ઓળખાઉં છું, અને મારા મધુરા સાદ વડે વખણાઉં છું (હું માણસોને) ગાયનના સૂર સમજાવું છું, અને મનને મોહ પમાડે એવો બાગ ઘણો ગજાવી મૂકું છું. (૨) **મોગરો**–જુઓ આ બાગ સફેદ મોગરાના ફૂલથી રૂપેરી હોય એવો શોભે છે. વેલાઓમાં ખીલેલી કળીઓ છે તેથી શરીરમાં સારી વાસ લાગે છે. હું ઘણી પાંખડીઓ ફેલાવી ઝારીના જેવો બન્યો છું. બધા લોકોએ મને ગ્રીષ્મનો ખીલેલો બાળક ગણ્યો છે.

ઇંદ્રવજા.

આંબો, કોયલ અને મોગરો એક હારમાં સાથે ગાય છે.

આંબો—કેરી રસદાર હોય તેજ સારી.
કોયલ—હું ઝીણા સ્વરને લીધે ઘણી વખણાઉં છું.
મોગરો--ઝટ મોગરાની મીઠી સુગંધ છે.
બધા કહે છે અમે સારી અને શોભિતી ગ્રીષ્મ ઋતુ જાણી.

પાઠ ૪૦ મો

સ્વચ્છ પાણીથી ભરેલી સારી નદી જુઓ, તેને કાંઠે નાનાં મોટાં ઝાડો ઉગેલાં છે. એમાં જુદાં જુદાં રંગનાં માછલાં મજા કરતાં અને કિનારાપર લીલુંછમ જેવું ઘાસ પશુઓ ચરતા જણાય છે. બધા શહેરનો દેખાવ નક્કી નદીથીજ સમજવો. નદીથી નહાવાનું, ધોવાનું, પાણી પીવાનું મોટું સુખ સમજવું.

ભૂગોળના સવાલ.

પાઠ ૩૮ મો. સ.) પ્રહલાદ શું ધંધો કરતો હતો? વલસાડથી પારડી કઇ દિશામાં છે? વલસાડથી પારડી જતાં રસ્તે કઇ નદી આવે? પારનેરાના ડુંગરના શિખરપર ચઢીને તેમણે શું જોયું? પારડી આવી તેઓએ શું કીધું?

પાઠ ૩૯ મો. સવાલ) ગુજરાતમાં મોટો પર્વત કયો છે? આબુથી બીજા નાના પહાડ કયા કયા છે? ટેકરો, ડુંગરી, ડુંગર, પર્વત, તળેટી, અને ખીણ એટલે શું તે સમજાવો. નવી જમીન શી રીતે બનેછે? કયા પર્વત પર બંગલા, કિલ્લા, દહેરાં વગેરે બાંધી શકાય?

મેદાન એટલે શું તે સમજાવો. લસુંદ્રા, દેવકીકેનાથ, તુંગશીસ્થામ એનાં કુંડમાં ઉનાં પાણી શાથી હશે? પર્વતો ને મેદાનો કેમ થયાં તે સમજાવો. મેદાન અને ડુંગરનો ઉપયોગ કહો.

પાઠ ૪૦ મો. સવાલ) વરસાદનાં પાણીનાં ટીપાં શું શું કામ કરે છે? નદીનો ઉપયોગ કહો. નદીના મુખ આગળની અને મૂળ આગળની જગામાં શો ફેર હોય છે? સરોવર શી રીતે બનતાં હશે? સરોવરનાં પાણી કેવાં હોય છે? કયા સરોવરનું પાણી ખારૂં હોયછે? ગુજરાતમાં મીઠા પાણીનું સરોવર કયું છે? અને ખારા પાણીનું કયું છે? તળાવનું પાણી કેવું હોય છે?

પાઠ ૪૧ મો. સવાલ) સમુદ્રનું પાણી ખારૂં શા માટે હોય છે? સમુદ્ર કેટલો ઉંડો હોય છે? નદીનું પાણી શા માટે મીઠું હોય છે? સમુદ્રમાં મોજાં શાથી થાય છે? સમુદ્રનું પાણી રાતું, ભુરૂં ને પીળું દેખાવાનું કારણ શું? દરીઆમાં રેતી ક્યાંથી આવતી હશે? દરીઆમાં શું શુ પાકે છે?

પાઠ ૪૨ મો. સવાલ) હજીરો કયાં છે ને તે શાને માટે પ્રખ્યાત છે? દરીઆ વિષે થોડીક વાત કહો. ભૂશિર, અખાત અને ઉપસાગર એટલે શું તે સમજાવો. બેટ શી રીતે બનતા હશે? દ્વીપકલ્પ એટલે શું? કઇ ક્રિયા સમુદ્ર કિનારે હંમેશાં થયા કરે છે? સમુદ્રધુની અને ખાડી એટલે શું તે સમજાવો.

પાઠ ૪૩ મો. સવાલ) ગાડાં ને હળમાં શેનું લાકડું વાપરેછે અને તે લાકડું વાપરવાનું કારણ શું? લુહારને ત્યાં શું જોયું?

કુંભારને ત્યાં તેઓએ શું જોયું? ઢેડવાડામાં ઢેડા શું કરતા હતા? શણનું શું બને છે? ગામડામાં વસવાયા લોકો કયા કયા ધંધા કરે છે?

પાઠ ૪૪ મો. સવાલ) ગામ અને શહેરનો તફાવત સમજાવો. અમદાવાદ કયાં છે? શું છે? ને શાને માટે પ્રખ્યાત છે?

પાઠ ૪૫ મો. સવાલ) કુબેરદાર કયાં જતા હતા? તેમની સાથે કોણ ગયું? મુખીએ કોને સલામ કરી? અમલતદારે શી શી વાત પૂછી? કુબેરદાસે શું જવાબ આપ્યો? ફોજદાર, ઓવરસીઅર અને તિજોરરના કામ કહો. વેચાણ, ગીરોખત કયું ખાતું નોંધે છે? કુબેરદાસ દવાખાનામાં શું કરવા ગયા હતા અને ત્યાં કોની સાથે વાતચીત થઇ?

પાઠ ૪૬ મો. સવાલ) તાલુકો, જિલ્લો અને પ્રાંતની વ્યાખ્યા બોલો. એ દરેકના ઉપરીને શું કહે છે? જમીનની વસુલાત માફ કરાવવી અથવા મુલતવી રખાવવી એ કોણ કરી શકે? પ્રાંતના મુખ્ય ખાતાનાં નામ દો. અને તે ખાતાઓનાં મુખ્ય અમલદારને શું કહે છે? તાલુકાના લેણદેણ સંબંધો દાવા કોણ ચુકવેછે? તાલુકામાં પોલીસખાતાનો મુખ્ય અમલદાર કોણ? જિલ્લાના દવાખાનાના ઉપરી દાક્તરને શું કહે છે?

પાઠ ૪૭ મો. સવાલ) કલેકટરને મુખીએ શી બાબતની અરજી આપી? પોલીસના ઉપરી સાહેબને શું કહે છે? જિલ્લા જડજને શું કામ હોય છે?

પાઠવાર અઘરા શબ્દો તથા જોડાક્ષરો.

વાર્તા	સામાન્ય	મૂળાક્ષરો	જોડાક્ષર	પદાર્થપાઠો
પ્રાણીઓ	ચિત્રો	હોશિયારી	ભૂગોળ	માહીતી
પુસ્તકો	પોપટીઉં	વર્ણન	લિપિ	બ્રાહ્મણી
બાળબોધ	પંડિતો	અજાણુ	વરડુ	અનુસ્વાર
વિસર્ગ	ફક્કડ	નર્યા	શ્રદ્ધા	ઉદ્યોગી
અજાણકતું	ઉંમર	વિદ્યાભ્યાસ	ધ્યાન	ટટ્ટુ
મૂર્ખ	હડહડતો	કળિયુગ	ઉતર્યો	બુદ્ધિ
હિંડાડે	ખર્યુંપાન	શ્રાવક	જાત્રા	કૂદી
ડૂબી	અક્કલ	ધણીધણિઆણી	ભક્તિ	કૃપા
નરસિંહ	ચૌદશ	શિક્ષક	અંતઃકરણ	ફેંટો
સોંપ્યો	શુદ્ધિ	આશ્ચર્ય	લગ્ન	કુટુંબ
ખૂંચેલો	ઇન્સાફ	વિજયનગર	ઘડાવ્યાં	કીમતી
સત્તર	મિલ્કત	વહેંચણ	દિવાન	ઉમેર્યો
સુશોભિત	સિપાઇઓ	પૈ પૈસો	અટકાવ્યો	વિશ્વપતિ
જગકર્તા	ભૂલ્યો	સ્તુતિ	પ્રાર્થના	નિવારો
દોડાદોડ	છુટ્યું	પ્રમાણિક	કિંમત	પોલીસ
વૃદ્ધ	આગ્રહ	મુશ્કેલી	વિધવા	જાપ્તો
તુરંગ	વાણીઆ	વિકટ	તૂટી	દ્રવ્ય
લૂટી	મિઠાઇ	તાલેવંત	લૂટ	ભુંડું
મડદાં	યુધિષ્ઠિર	અર્જુન	ક્રોધ	વર્તણુક

દુર્યોધન	સ્ત્રી	દ્રૌપદી	ઝુંપડી		દુઃખ
નવાણું	કૌરવો	ચિત્રગુપ્ત	ગંધર્વ		ગુસ્સો
ન્યાયાધીશ	પ્રીતિ	ચર્ચા	સાક્ષી		શક્તિ
વિચાર્યું	ગળેપડુ	ગૃહસ્થ	નિસાસો		લંગડો
હંમેશાં	કદાપિ	શિઆળ	વિલાસપુર		મહોલ્લો
પિત્તળ	મશ્કરી	શિરોઈ	સ્વાદે		મઝા
સિવાય	દુષ્ટ	કલેશ	નિશ્ચય		વૃક્ષ
આશ્રય	પ્રગટે	ઉજાસ	સ્વર્ગ		રિવાજ
વર્તમાનપત્ર	લક્ષ્મી	ઉત્તર	પત્થર		પૂજે
વિદ્યાર્થી	સ્વચ્છ	તમાશો	ચોંટાડયા		ઇંદ્રિય
ઢાંકણુ	કંટાળો	છિદ્રો	નુકસાન		ભિનાશ
ચોંટયો	નાહ્યા	લૂછી	પાડોશણુ		વિદ્વાન
અઘાટ	ફેંસલો	નિર્ણય	દિલ્હી		વિદ્યા
આસરો	વિષયો	ખુદાવંદ	મચ્છર		નમ્ર
ફાટયો	માતેલો	યુક્તિ	ગર્વ		વોશિંગ્ટન
જોર્જ	વિષ્ણુપ્રસાદ	પુસ્તકાલય	વૃત્તાંત		ધમકાવ્યા
હિંમત	લક્ષણુ	ઈર્ષાખોર	બંદગી		અલ્લાહ
અંદેશો	સાદડી	બ્રાહ્મણુ	પિંડાય	ધિક્કાર	પુરૂષો
ઝવેરાત	તલ્લીન	ગુરુ	ગંદકી	મુકુંદ	પશ્ચિમ
ભિખારી	નાતમહાલ	ચિંતા	મંદવાડ	ઢોલ	દિવાલ
સ્થિતિ	શિક્ષણ	ધુણાવ્યું	શ્વાસ	સરણાઇ	તળેટી

ખૂશ	કિલ્લો	ઠપકો	બિછાનું	ચક્કર	રમણીય
દેશનિકાલ	બાંધણી	ભાંગ્યું	દુર્ગંધ	સ્થિર	આકૃતિ
વિવાદ	પુષ્કળ	ઢોળાયું	કૈકેયી	ચમત્કાર	દેવસ્થાન
મ ર્ગ	સંગ્રહ	મુકાવ	મંથરા	ગ્રીષ્મ	પર્વત
શ્રેષ્ઠ	જંતુ	મુકાવ્યો	શત્રુઘ્ન	ઋતુ	કાઠિઆવાડ
નિર્દોષ	કડિઆરા	દોષ	અયોધ્યા	શ્યામ	શેત્રુંજો
ધક્કો	નિસાસો	મળસ્કે	કૌશલ્યા	મહિમાય	પાલિતાણા
ફૂટી	ધર્માદા	નિર્મળ	સુમિત્રા	સુગંધ	લસુંદ્રા
ફૂટયો	દસમો	સંતોષ	લક્ષ્મણ	ચિત્ત	મિંજાય
સંતાડવા	આશીર્વાદ	વિપત્ત	સંદેહ	સૂર	જન્મ
સદ્ગુણી	ચોકખું	ધૂળ	ચૌદ	પ્રફુલ્લ	ગમ્મત
પ્રદર્શન	શેખચલ્લી	તરૂવર	મુન્સફ	પ્રહલાદ	રફૂ
સીવણકામ	તર્કપ્રસાદ	વડોદરા	ચોર્યાશી	કસ્બો	ખીંટી
ગૂંથે	સજ્જડ	વંશપરંપરા	જિલ્લો	પાંદડાં	ઉત્પન્ન
ગૂંથેલી	ઢેડવાડો	કમિશનર		કુંકણી	મુળીઆં
નિચાણ	ગોદડાં	વત્તા		અંગ્રેજી	અગત્ય
સમુદ્ર	દોરડાં	ડેપ્યુટી		ગોવિંદ	ખ્યાલ
સરિતા	છુટી	સંમતિ		કંટાળતો	પિળાશ
વિચિત્ર	ઓફિસ	શાંતિલાલ		બેસ્વાદ	ડહોળી
મોહંમદ	મીણબત્તી	પરીક્ષા		નીરોગી	નિતારી
અંથડાય	બૂટ	હથિયાર		પ્રરાસણા	ગળણી

કિનારો	ઓવરસીયર	નિશાશ	વિસ્મય	પુષ્ટિકારક
દ્વીપકલ્પ	ખૂટતા	ખૂન	ગંધક	શુમારે
ટંડેલ	સખ્તી	મઝાની	ચિનાઈ	ઘુંટી
નિશાન	ભૂશિર	મુદત	ક્રિયા	સામુદ્રધુની
ભઠ્ઠી	પૈડું	દુરસ્ત	તિજોરર	દાક્તર
કલેકટર	ઈન્સ્પેકટર	ચિકાર	પ્યાલું	લિલાશ
ઝુંમર	ધાન્ય	હાંસોટી	દાઉદખાની	અડદ
વટાણા	થુલું	ચાળણી	ચાળણુ	ફોલ્લાં
પેઃટીસ	ફુમસો	દોડયા	ચૂંટી	દાંડી
શોષી	ચિરાએલું	પ્રકાશ	જીવજંતુ	અવસ્થા
સૂંઢ	વૈતરી	ઇયળ	કીડિઆરા	પોષણુ
કોશેટો	નિરાંત	ધોળાયા	ઉડતું	ઘસારાબંધ
ખાઉધરાં	કમકમાટ	વલવલાટ	ગુચ્છો	બિલાડી
ઠેકડા	ઓચીંતી	દુશ્મનો	ઝુમખો	રતુમડો
તૂત	રાક્ષી	ગબડી	સરત	રહેઠાણુ
તૈયાર	શ્રીધર	ટુકડી	કાબરચીતરૂં	કીકિઆરી
લોંકડી	ખંધાઇ	વાઢ	ધૂરકવા	મૂછ
ઘંટડી	મ્યાન	અગ્નિ	ધ્રૂજતા	સિંહણુ
ચોંટયું	ઠેલણુ	ઘુઘવાટા	ગર્જના	હાડપિંજર
ટાંગ્યું	કાંડું	હૃદય	કુકડો	સંરક્ષણુ
માંસપેશી	સૂક્ષ્મદર્શક	રક્ષણ	ઓંસીકું	ખોળીઉં

તૂટતું	કુકકર	મશક	વાસ્કુટ	ઝબ્બા
ઢોરઢાંકર	ઓશરાઢીએ	ઊઠવેઠ	ટકાઉ	હૂંફ
દુઆ	પરસાળ	પાણીઆરૂં	ધુમાડીઉં	ઘડિઆળ
મિનિટ	સાઠ	અઠ્ઠાવીસ	એહસાન	વિનંતી

ટીપ—શબ્દો આડી લીટીમાં ગોઠવ્યા છે.

કડાંની ડ્રીલ.

કડાં લોઢાના સળીઆનાં બનાવેલાં હોય છે, અને તેનો વ્યાસ એક બિલ્લસ જેટલો હોય છે; તેની જાડાઇનો પરિઘ બે ઇંચનો હોય છે. તે રાતા, પીળા, વાદળી વગેરે તરેહ તરેહના પાકા રંગથી રંગેલા હોય છે.

સૂચના–૧) કડાંની દરેક રમત અગિઆર સુધી કરાવી બારે હાથ કડાં સાથે લટકતા રખાવવા. ૨) છેલ્લી રમતે બારે કડાં જમીનપર મૂકાવી દેવડાવવાં. મૂકતા અવાજ ન થાય તે બાબત સૂચના આપવી. ૩) કડાં મુઠ્ઠીમાં જોરથી દાબીને પકડવા. અંગુઠો ટેકણુમાં કડાં ઉપર રાખવો જેથી કડાં હાલશે નહિ અને પકડવા સુગમ પડશે.

રમત ૧ લી—તૈયાર-કડાં લેવા તત્પર થવું. ચાલો–બે કડાં બે હાથમાં લઇ હાથ પગની સાથે અડાડેલા રાખવા.

૧) બેઉ હાથ ઉંચા. ૨) બેઉ હાથ નીચા.

રમત ૨ જી—૧) બેઉ હાથ સામા લાંબા, ખભાની સીધી લીટીમાં. (મુઠ્ઠીઓ સામસામી) ૨) બેઉ હાથ પીઠ ગમ પાછળ ખેંચી કડાં છાતી આગળ રાખવા.

રમત ૩ જી—બેઉ કડાં એકઠાં કરી વચ્ચેથી બેઉ હાથે સામસામાં પકડવા. ૧) ઘુંટણમાંથી પગ વાળી પગના આંગળાપર બજન

રાખી બેસવું એડી ઉંચી રાખવી. (હાથ બે પગ વચ્ચે સીધા રાખવા)

૨) ઉભા થવું ને કડાં માથા ઉપર ધરી રાખવા. (ઉભા થતી વખતે એડી જમીનપર ઠોકવી જોઇએ.)

રમત ૪ થી—કડાં છુટા કરી એકેક હાથમાં પકડવા ૧) જમણો હાથ જમણી તરફ ખભાની સીધી લીટીમાં લંબાવવો. (ડાબો હાથ લટકતોજ રહેવા દેવો,) ૨) એકથી ઉલટું.

રમત ૫ મી—૧) જમણો હાથ સામો લાંબો કરવો. (ડાબો હાથ લટકતોજ રહેવા દેવો.) (૨) એકથી ઉલટું.

રમત ૬ ઠ્ઠી—૧)જમણો હાથ ઉંચો (ડાબો હાથ લટકતોજ રહેવા દેવો) ૨) એકથી ઉલટું.

રમત ૭ મી—૧) બેઉ હાથ ઉંચા (મુઠીઓ સામસામે) ૨) બેઉ કડાં પગનાં આંગળાં આગળ (પગ ઘુંટણમાંથી સીધા રાખવા)

રમત ૮ મી—બેઉ હાથ ઉંચા (મુઠીઓ સામસામે) ૧) જમણો હાથ મોં સામેથી ઉપલી તરફથી લઇ ફેરવીને ઉંચો રાખવો. (ડાબો હાથ લટકતોજ રાખવો) ૨) એકથી ઉલટું

રમત ૯ મી—૧) બેઉ હાથ સામા લાંબા (મુઠીઓ સામસામે) ૨) બેઉ હાથ પાછળ લાંબા.

રમત ૧૦ મી—૧) બેઉ હાથ ખભાની સીધી લીટમાં (મુઠીઓ આકાશ તરફ) ૨) બેઉ હાથના અંગુઠા ખભાને અડકાડવા.

તિથી સંપૂર્ણ વ્યુત્પતિ; કવિતાનું વિવરણ-સ્પષ્ટીકરણ; બ્રિટિશ અને હિંદની સંપૂર્ણ રાજરીતિ; સમાસ પ્રકરણ; બાર ભેલ્સની ડ્રિલ વગેરેનો વિસ્તારથી સમાવેશ કરેલો છે)

છઠ્ઠીના અર્થ કિંમત ૭ આના—(જેની અંદર શબ્દાર્થ વ્યુત્પત્તિ પ્રમાણે, અને રૂઢ બંને રીતે; કવિતાનો અન્વય; સમજુતી; વ્યુત્પતિ; પાઠના સવાલ; પાઠનો સાર વગેરે)

પાંચમીના અર્થ કિંમત ૬ આના—(જેની અંદર અર્થ; કવિતાની સમજુતિ; વ્યુત્પતિ; પાઠના સવાલ; પાઠનો સાર; અપૂર્ણાંકના નિયમો; અઘરા શબ્દો; જોડાક્ષરો વગેરે)

ચોથીના અર્થ કિંમત ૬ આના—(જેની અંદર અર્થ; કવિતાની સમજુતી; તમામ પાઠના સવાલ; પાઠનો સાર; અઘરા શબ્દો; જોડાક્ષરો; ડ્રિલ; મુંબઈ ઇલાકાની ભૂતળ; બ્રિટિશ હિંદના રાજકીય ભાગ વગેરે.)

બીજીના અર્થ કિંમત ૩ આના-(જેની અંદર અર્થ; કવિતાની સમજુતી; પાઠનો સાર; અઘરા શબ્દો; જોડાક્ષરો; બીજા ધોરણમાં કિન્ડરગાર્ટન પદ્ધતિ મુજબ શીખવવાની ભૂગોળ, ડમ્બેલ્સની ડ્રિલ વગેરે)

પહેલીના અર્થ કિંમત બે આના—જેની અંદર અર્થ; કવિતાની સમજુતી; અઘરા શબ્દો; જોડાક્ષરો; ડમ્બેલ્સની ડ્રિલ; પાઠના સવાલ તથા સાર વગેરે)

બાળવર્ગની નોટ કિંમત ૧॥ આનો-(ખાસ બાળ

વર્ગના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ માટે) (જેની અંદર મૂળાક્ષર શિક્ષણ; ત્રણ રીતે મૂળાક્ષર લખવાનો ક્રમ; કાના માત્રા વગરના બે અને ત્રણ અક્ષરના શબ્દો; કિન્ડરગાર્ટન પદ્ધતિ મુજબ બારાખડી શિક્ષણ; આંક; અર્થ; ગીત તથા કવિતાની સમજુતી; આંકનો ઉપયોગ; સરવાળાના કોઠા; બાદબાકીના કોઠા; ડ્રિલ ગીત સાથે, તેમજ સાદી; દડાની રમત; એકથી પાંચ સુધી ઉમેરવા તથા બાદ કરવા વિષે પાઠ વગેરે.)

અંક સૂચક મૂળાક્ષર કિત્તા કિંમત ૦ા આનો-

(જેમાં અંક ઉપરથી મૂળાક્ષર શીખવવાની રીત; મૂળાક્ષર કાના માત્રા વગરના શબ્દોથી યાદ રહે તેવા શબ્દો સહીત)

આમાં બતાવેલી પદ્ધતિથી શિક્ષણ આપવાથી તેમજ શીખવાથી ઘણીજ ટુંક મુદતમાં આંકડા તથા મૂળાક્ષર લખતાં વાંચતાં આવડી જાય છે.

કન્યા વાચનમાળા પુસ્તક ૧ લાના અર્થ	૦-૩-૦
કન્યા વાચનમાળા પુસ્તક ૨ જાના અર્થ	૦-૪-૦
કન્યા વાચનમાળા પુસ્તક ૩ જાના અર્થ	૦-૬-૦
'બાળ ગરબાવળીની' નોટ	૦-૨-૦

એક વખત મંગાવી ખાત્રી કરો. કમીશનમાં પુષ્કળ લાભ

તમામ જાતનાં પુસ્તકો વી.પી થી તુરત મોકલવામાં આવે છે.

પત્ર વ્યવહાર નીચેને સરનામે કરવો.

શાહપોર } મેસર્સ સી. ડી. શાહ એન્ડ કોના સોલ એજંટ
સુરત. } શા. મગનલાલ મોતીરામ.

જાહેર ખબર.

કિન્ડરગાર્ટન સીસ્ટમ મુજબ. નવાં ધોરણ માટે મેસર્સ. સી. ડી. શાહ એન્ડ કો. તરફથી બહાર પડેલી બુકો

બાળવર્ગની નોટ ... ૦-૧-૬	સાતમીના અર્થ ... ૦-૮-
પહેલીના અર્થ... ... ૦-૨-૦	પદાર્થપાઠ ભાગ ૧ લો. ૦-૩-
બીજીના અર્થ... ... ૦-૩-૦	પદાર્થપાઠ ભાગ ૨ જો. ૦-૫-
ચોથીના અર્થ..... ૦-૬-૦	મૂળાક્ષર કિત્તા... ... ૦-૦-
પાંચમીના અર્થ ... ૦-૬ ૦	સુરત શહેરનો નકશો છપાય
છઠ્ઠીના અર્થ... ... ૦-૭-૦	ચોર્યાસીતાલુકાનો ,, ૦-૧-

કન્યા વાચનમાળા પુસ્તક પહેલાના અર્થ ૦-૩-૦

કન્યા વાચનમાળા પુસ્તક બીજાના અર્થ ૦-૪-૦

કન્યા વાચનમાળા પુસ્તક ત્રીજાના અર્થ ૦-૬-૦

અંક સૂચક મૂળાક્ષર કિત્તા કિંમત ૦ા આનો—જેમાં અંક ઉપરથી મૂળાક્ષર શિખવવાની રીત, મૂળાક્ષર કાના માત્રા વગરના શબ્દોથી યાદ રહે તેવા શબ્દો સહિત.

પત્ર વ્યવહાર નીચેને મરનામે કરવો.

શાહપોર } મેસર્સ સી. ડી. શાહ એન્ડ કો ના સોલ એજંટ—
સુરત. } શા. મગનલાલ મોતીરામ

પ્રાથમિક તથા ગ્રામ્યશાળાના દરેક ધોરણના—

—"મુખગણિત શિક્ષક" તૈયાર છે.

'રત જિલ્લાનો "ભૂગોળ શિક્ષક" સવા આનો.

જિલ્લાનો નકશો ત્રણ આના.

ગમ લ. કૃત 'બાળ ગરબાવળી' ની નોટ બે આના.

મગનલાલ મોતીરામ શાહ. શાહપોર—સુરત.